


# આત્મધર્મ







સ્મરણો ભવ ભવના અહો, સ્વર્ણમયી ઈતિહાસ,
દૈવી-ઉર આનંદિની–, 'ચંપા' પુષ્પ–સુવાસ.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જ્ઞાનકા યહી કાર્ય હોના ચાહિયે જો અપને આત્માકા યથાર્થ જ્ઞાન પાવે. જ્ઞાની હોકર વીતરાગતાકે કારણોંકા અભિનંદન કિયા જાવે. જો કોઈ ઐસા ન કરકે શરીરકા વ શરીરકે સુખોંકા વ શરીરકે સંબંધિયોંકા અભિનંદન કરે તો વહ આત્મ-શક્તિઘાતક અંતરાયકર્મોંકો બાંધે વ દુર્ગતિકો પ્રાપ્ત હોવૈ. ૮૮૩.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૮૧)*

❀ જેમ સુવર્ણની બેડી પણ પુરુષને બાંધે છે અને લોખંડની પણ બાંધે છે, તેવી રીતે શુભ તેમ જ અશુભ કરેલું કર્મ જીવને (અવિશેષપણે) બાંધે છે. માટે એ બંને કુશીલો સાથે રાગ ન કરો અથવા સંસર્ગ પણ ન કરો કારણ કે કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી સ્વાધીનતાનો નાશ થાય છે (અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે.) ૮૮૪. *(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા- ૧૪૬-૧૪૭)*

❀ હે ભાઈ! તારી નજર સામે તું શું નથી જોતો કે આ જગત કાળરૂપ પ્રચંડ પવનથી નિર્મૂળ થઈ રહ્યું છે! ભ્રાંતિને છોડ! જગતમાં કોઈની નામ માત્રની પણ સ્થિરતા નથી. જે દિવસની મંગળમય પ્રભાત જણાય છે, તે જ દિવસે અસ્તપણાને પ્રાપ્ત થાય છે. ભાઈ! આ જગતનો સ્વભાવ જ ક્ષણભંગુર છે. પહાડ જેવા વિસ્તીર્ણ જણાતાં રૂપોનો ઘડી પછી અવશેષ પણ જણાતો નથી. કોણ જાણે શા કારણથી તું એ ઈન્દ્રજાળવત્ જગતના ઈષ્ટ પદાર્થોમાં આશા બાંધી ભમ્યા કરે છે.! ૮૮૫.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા- ૫૨)*

❀ .....પ્રથમ તત્ત્વજ્ઞાન ન થયેલું હોવાથી પોતે તો જાણે છે કે 'હું મોક્ષનું સાધન કરું છું' પણ મોક્ષનું સાધન જે છે તેને તે (જૈનાભાસી) જાણતો પણ નથી, કેવળ સ્વર્ગાદિકનું જ સાધન કરે છે. સાકરને અમૃત જાણી ભક્ષણ કરે છે પણ તેથી અમૃતનો ગુણ તો ન થાય, કારણ પોતાની પ્રતીતિ અનુસાર નફો—ફળ થતું નથી પણ જેવું સાધન કરે તેવું જ ફળ લાગે છે.૮૮૬. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.- ૭, પાનું- ૨૪૫)*

❀ જેઓ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને કદાપિ છોડતા નથી તેઓ સારી રીતે કરેલા અભ્યાસના બળથી પરલોકમાં જતાં પણ નિશ્ચયથી (શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિને) તજતાં નથી. શુદ્ધ ચિદ્રૂપના ચિંતનમાં સદા એવો અભ્યાસ કરો કે સંકલેશમાં તથા મરણમાં પણ તે વિનાશ પામે નહિ. ૮૮૭. *(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ.- ૧૪, શ્લોક- ૧૯-૨૦)*

કહાન સંવત-૨૫
વર્ષ-૬૨
અંક-૨
[૭૪૨]

વીર સંવત ૨૫૩૧
સં. ૨૦૬૧
August A.D. 2005




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

*૯૨મી જન્મજયંતીના ઉપલક્ષમાં*

## પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—ગુરુ કહે એમાં શંકા ન પડે એવી જાતની તૈયારી જોઈએ ?*

સમાધાન :—તે જાતની તૈયારી અંદરમાંથી બહુમાન-ભક્તિવાળાને થઈ જાય છે. ગુરુ જે કાંઈ કહેતા હોય તેમાં કાંઈક આશય હશે ! કાંઈક હિત હશે ! એવો અર્થ ગ્રહણ કરે છે. આમ દેખાવા છતાં તેઓ આમ કેમ કહે છે ?-એમ નહીં, પણ તેમાં કાંઈ હિત કે આશય હશે, એમ પોતે ગ્રહણ કરે છે.

મુમુક્ષુ :—એક હોય ત્યાં અવિનાભાવી બીજું હોય જ ? આત્માની રુચિ લાગે તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ ?

બહેનશ્રી :—અંતરની રુચિ હોય તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ, એવો સંબંધ છે. અંતરની રુચિ હોય અને ગુરુ પ્રત્યે બહુમાન ન હોય તેમ ન બને. જો ગુરુ પ્રત્યે બહુમાન ન આવે તો તેની રુચિમાં કચાશ છે. તેણે પોતાની બુદ્ધિ અને કલ્પનાથી બધું નક્કી કર્યું છે. જેની રુચિ આત્માને પામવાની છે, તેને ગુરુ પ્રત્યે અર્પણતા સાથે હોય જ છે કે હું કાંઈ જાણતો નથી. પોતે જે માર્ગે જાય છે તે માર્ગ જેણે પ્રગટ કર્યો તેનો વિનય અને ભક્તિ તથા અર્પણતા તેના હૃદયમાં હોય જ.

*પ્રશ્ન :—શ્રીમદ્‌માં આવે છે કે બીજું કાંઈ શોધીશ નહિ, માત્ર એક સત્ પુરુષને શોધી કાઢ અને તેમનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે. તો સર્વભાવ એટલે સર્વ અર્પણતા ?*

સમાધાન :—હા, બધી જાતની અર્પણતા. ગુરુ જે કહે છે તે બધી અર્પણતા, તેમાં પોતાની કલ્પના અને પોતાનું ડહાંપણ કાંઈ નહિ. ગુરુ જે કહે તે બધું માન્ય છે; પણ તે મને સમજાતું નથી એમ પોતે સમજવા પ્રયત્ન કરે. બાકી ગુરુ કહે છે તે બરાબર જ છે. મારી પોતાની કચાશ છે.

શ્રીમદ્ તો ત્યાં સુધી કહે છે કે ગુરુને બધા ભાવ અર્પણ કરી દે. પછી મુક્તિ ન મળે તો મારી પાસેથી લેજે; એનો અર્થ કે તને મુક્તિ મળશે જ.

*પ્રશ્ન :—વિશ્વાસ આવવો જોઈએ કે મારામાં ભર્યું પડ્યું છે ?*

સમાધાન :—પોતાના સ્વભાવની જાતમાં જ બધું છે, આ વિભાવની જાત છે તેમાંથી કોઈ પ્રકારે મારો સ્વભાવ પ્રગટવાનો નથી. વિભાવ વિલક્ષણ અને દુ:ખરૂપ છે. સ્વભાવમાંથી જ સ્વભાવ આવશે, વિભાવમાંથી સ્વભાવ આવવાનો નથી એવો વિશ્વાસ–પ્રતીતિ આવે તો જ પોતા તરફ પુરુષાર્થ કરે. જ્ઞાન-દર્શન-ચારિત્ર બધું પોતામાં જ છે, પોતામાંથી પ્રગટે છે. બહારનાં સાધનો હોય છે, પણ પ્રગટે છે નિજ સ્વભાવનો અભ્યાસ કરવાથી. ખરું સાધન પોતે પોતાનું થાય છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે તારું તત્ત્વ જુદું છે, અન-અભ્યાસને લઈને મુશ્કેલ લાગે છે. માર્ગ ગુરુ બતાવે છે પણ સમજવાનું, પ્રતીતિ કરવાની પોતાને રહે છે. પોતાની મેળે પોતાનો સ્વભાવ ઓળખવો કઠણ પડે છે. બતાવનાર ગુરુ મળે ત્યારે અંતરમાં ગ્રહણ થાય છે, એવો નિમિત્ત–ઉપાદાનનો સંબંધ છે.

*પ્રશ્ન :—ગુરુએ માર્ગ બતાવ્યો છતાં ગુરુ તરફથી નજર પાછી વાળવી એમ ગુરુ કહેવા માંગે છે ?*

સમાધાન :—ગુરુ એમ કહે છે કે તું સ્વતંત્ર છો, તું તારામાં જો, તારી દૃષ્ટિ ફેરવ. તું તારા તરફ દૃષ્ટિ કર. ગુરુ આમ કહી રહ્યા છે. પણ આગળ જનારને એવો ભક્તિભાવ આવે કે ગુરુ ! તમે જ માર્ગ બતાવ્યો, દિશા બતાવી, આત્મા બતાવ્યો, સ્વતંત્રતા બતાવી, સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે. નિર્વિકલ્પદશા થાય ત્યારે મુક્તિનો માર્ગ પ્રગટ થાય–આત્માની સ્વાનુભૂતિ થાય–વેદન થાય. એ બધું આપે જ બતાવ્યું છે છતાં કરવાનું પોતાને રહે છે.

*પ્રશ્ન :—વચનામૃતમાં આવે છે કે જ્ઞાનીને શુભભાવ છે તે કાળા નાગ જેવો દેખાય છે અને બીજી બાજુ એમ કહેવામાં આવે છે કે જ્ઞાની તો શુભાશુભ ભાવોનો જ્ઞાતા છે. તો આ બન્નેનો મેળ કેવી રીતે છે ?*

સમાધાન :—જ્ઞાનીને ભેદજ્ઞાનની દશા છે. આ સ્વભાવ છે અને આ વિભાવ છે એમ તેને સહજ જણાય છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે પોતાની પરિણતિમાં ઊભો છે. અલ્પ અસ્થિરતા છે તેને પણ તે જાણે છે. છતાં પણ તેની ભાવના એવી છે કે હું સ્વરૂપમાં પૂર્ણ લીન કેમ થઈ જાઉં ? એવી ભાવનાને લઈને જ્ઞાનીને શુભભાવ કાળા નાગ જેવો લાગે છે. તે અપેક્ષાએ ત્યાં વાત છે. બાકી તેને દ્વેષબુદ્ધિ નથી, તે તો માત્ર જાણે છે–જ્ઞાયક છે–જ્ઞાતા છે. રાગ આવે છે તેનો જ્ઞાતા-દ્રષ્ટા છે, પણ તેને ભાવના તો એમ રહે કે આ અધૂરાશ છે. અહો ! મુનિઓ ક્ષણે ક્ષણે સ્વરૂપમાં જામી જાય છે એવી મારી દશા નથી, એવી દશા મને ક્યારે થઈ જાય કે હું સ્વરૂપમાં લીન થઈ જાઉં. માટે આ વિભાવ છે તે આદરણીય નથી, મારો સ્વભાવ નથી.

મને ક્યારે વીતરાગદશા થઈ જાય અને હું શાશ્વત આત્મામાં રહી જાઉં, વિભાવ મને ન હો, મને પૂર્ણ સ્વભાવ હો. એવી તેની ભાવના રહે છે.

*પ્રશ્ન :—જ્ઞાનીને શુભરાગ કાળા નાગ જેવો દેખાય છે એમ કહીને જ્ઞાનીને સવિકલ્પદશામાં નિરંતર પૂર્ણતાની ભાવના રહ્યા કરે છે એમ જ કહેવું છે ને ?*

સમાધાન :—હા, સ્વાનુભૂતિ–નિર્વિકલ્પદશા હોય ત્યારે તો વિકલ્પ તરફ તેનો ઉપયોગ પણ નથી. પોતે તો આનંદમાં–નિર્વિકલ્પ દશામાં છે. પણ જ્યારે બહાર તેનો ઉપયોગ આવે છે ત્યારે જાણે છે કે આટલી અધૂરાશ છે; અને મને પૂર્ણતા ક્યારે થાય ? આ વિભાવભાવ મારે જોઈતો નથી; આટલો વિભાવ પણ મને પોષાતો નથી.

આંખમાં જેમ કણું ન સમાય તેમ દ્રવ્યદૃષ્ટિએ હું પૂર્ણ હોવા છતાં પર્યાયમાં આટલીયે કચાશ મારે ન જોઈએ, એટલે રાગ તેને કાળો નાગ લાગે છે. તે મને આદરણીય નથી, હું પૂર્ણ થઈ જાઉં એવી ઉગ્ર ભાવના વર્તે છે. નિર્વિકલ્પદશા વખતે વિકલ્પ તરફ તેનો ઉપયોગ નથી અને જ્યારે બહાર આવે છે ત્યારે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. તેને વિભાવની સાથે એકત્વબુદ્ધિ નથી.

*પ્રશ્ન :—ક્ષાયિક સમકિતી લડાઈના મેદાનમાં તલવાર લઈને જાય તે શું નવાઈ નથી લાગતી ?*

સમાધાન :—એટલી તેની અધૂરાશ છે, ભાવના તો ઉગ્ર છે. અંદર ભેદજ્ઞાનની ધારા વર્તે છે, એકત્વબુદ્ધિ નથી. રાજનો અલ્પ રાગ છે એટલે લડાઈના મેદાનમાં ઊભો રહે છે. છતાં તેનું વર્તન ન્યાયપૂર્વકનું હોય છે. તેની અંતરની પરિણતિ જુદી છે; તેના અંતરને જોવાનું છે.

જેમ હાથીના દાંત દેખાવના જુદા અને અંતરના જુદા હોય છે તેમ આ જ્ઞાની લડાઈ કેમ કરતા હશે? એવું લાગે, પણ તે વખતે સ્વભાવની પરિણતિમાં પોતે ઊભા છે, અલ્પ રાગ છે એટલે બહાર ઊભા દેખાય, પણ જો તે વખતે પણ વૈરાગ્યભાવના વધી જાય તો મુનિ થઈને ચાલ્યા જાય છે.

*પ્રશ્ન :—શું ભેદજ્ઞાન તે જ સ્વાનુભૂતિ પ્રગટ કરવાનો ઉપાય છે ?*

સમાધાન :—ભેદજ્ઞાનની ધારા દ્વારા સ્વાનુભૂતિ થાય છે, વારંવાર ભેદજ્ઞાનની તીક્ષ્ણતા કરવાથી સ્વાનુભૂતિ થાય છે. કોઈને ઉગ્રતા તરત જ થાય તો તાત્કાલિક થઈ જાય છે,-તે ક્ષણે જ થઈ જાય છે અને મોટા ભાગના જીવોને અભ્યાસની ઉગ્રતા કરવાથી સ્વાનુભૂતિ થાય છે. સમયસાર મોક્ષ અધિકારના ૧૮૦ કળશમાં તો ભેદજ્ઞાન એટલે સ્વાનુભૂતિની વાત લીધી છે. ભેદજ્ઞાન દ્વારા તાત્કાલિક ભેદ થઈ જશે અને તેમાં તને સ્વાનુભૂતિ થશે. વિકલ્પવાળી ભૂમિકામાં લેવું હોય તો વારંવાર અભ્યાસ એટલે વારંવાર ભેદજ્ઞાનની ઉગ્રતા કરવાથી તને સ્વાનુભૂતિ થશે. તે વખતે વિકલ્પ છે પણ વિકલ્પ તે હું નથી, હું જ્ઞાયક છું-જ્ઞાયક છું એવી જ્ઞાતાધારાની ઉગ્રતા દ્વારા તને સ્વાનુભૂતિ થશે.

*પ્રશ્ન :—પરિણતિ અને ઉપયોગ તે બંનેમાં ફેર છે ?*

સમાધાન :—પરિણતિ અને ઉપયોગમાં ફેર છે. ભેદજ્ઞાનની ધારારૂપ તેની પરિણતિ તો કાયમ ચાલુ જ છે, જ્યારે ઉપયોગ તો બહાર આવે અને અંતરમાં આવે. ઉપયોગ અંતરમાં આવે ત્યારે સ્વાનુભૂતિ થાય. પછી બહાર આવે. ઉપયોગ બહાર આવવા છતાં પરિણતિ તો ચાલુ જ છે. આમ પરિણતિ અને ઉપયોગમાં ફેર છે. ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે, અમુક અંશે જેટલી દશા પ્રગટ થઈ તેટલી ચાલુ છે.

*પ્રશ્ન :—થવાનું હોય તેમ ક્રમસર થાય છે તેથી નવો પુરુષાર્થ કરવાની શી જરૂર છે ?*

સમાધાન :—જે થવાનું હોય તેમ થાય એમ એકાંત નથી, તેમાં સ્વભાવ-કાળ-પુરુષાર્થ બધું સાથે હોય છે. તેમાં પુરુષાર્થનું કારણ મુખ્ય છે. જે પર્યાય પ્રગટવાની હોય તે પ્રગટે, પણ તેમાં પુરુષાર્થ સાથે હોય છે. પુરુષાર્થ વગર કોઈ પર્યાય પ્રગટ થાય તેમ નથી હોતું. સ્વભાવ-કાળ-પુરુષાર્થ-દેશનાલબ્ધિ બધું સાથે હોય છે.

*પ્રશ્ન :— ભાવના અને ધારણામાં શું ફેર ?*

સમાધાન :—ધારણામાં તો ગોખી રાખ્યું છે અને ભાવના તો અંતરમાં પોતે ભાવપૂર્વક કરે છે. ભાવના ભાવનામાં પણ ફેર હોય છે. ભાવના કર્યા કરે કે હું ત્રિકાળી

શુદ્ધ છું, પણ પોતાના અંતરમાંથી આવેલી ભાવના હોય તે જુદી હોય છે. હું ત્રિકાળ શુદ્ધ છું-શુદ્ધ છું તેમ (ઉપલક) ભાવના અને ઊંડી જે અંતર્ગત ભાવના તે જુદી હોય છે. ધારણામાં તો ગોખ્યા કરે છે.

*પ્રશ્ન :—વારંવાર એ જ જાતના વિચાર ચાલે તે ભાવના કહેવાય ?*

સમાધાન :—વિચારો ચાલે તે નહિ, પણ અંતરમાંથી-ઊંડાણમાંથી એમ થવું જોઈએ તે ભાવના છે. માત્ર ગોખ્યા કરે ને એકલા વિકલ્પ કર્યા કરે કે હું ત્રિકાળ શુદ્ધ-શુદ્ધ તેમ નહિ. ભાવનામાં વિચાર તો આવે, છતાં પણ અંદરમાં પોતાને હૃદય ભેદીને કાંઈક આવવું જોઈએ. ભાવના એટલે ઊંડાણમાંથી આવવું જોઈએ કે આ વિભાવ મારે કાંઈ જોઈતો નથી. હું ત્રિકાળ શુદ્ધ આત્મા છું, સ્વયંસિદ્ધ જ્ઞાયક છું. એમ અંતરથી, ઊંડાણમાં હૃદય ભેદીને આવવું જોઈએ.

*પ્રશ્ન :—જ્ઞાનમાં સમજાય છે પણ વિશ્વાસ આવતો નથી ?*

સમાધાન :—જ્ઞાનમાં સમજાય, પણ પ્રતીતિ એવી યથાર્થ થવી જોઈએ કે આ જ્ઞાયક તે જ હું છું, બીજો હું નથી. એવી દૃઢ શ્રદ્ધા-દૃષ્ટિ પોતા ઉપર સ્થપાવી જોઈએ. પછી ગમે તે ભાવો આવે તો પણ હું ચૈતન્ય જ છું એવું અંતરમાંથી થાય. ગોખવારૂપ થાય છે તે જુદી વાત છે, અંતરમાંથી દૃઢ વિશ્વાસ આવવો જોઈએ. યથાર્થ પ્રતીતિ થાય તેને યથાર્થ પુરુષાર્થ થયા વગર રહેતો નથી.

*પ્રશ્ન :—વચનામૃતમાં આવે છે કે મૂંઝવણમાંથી માર્ગ મળે. તે કેવી રીતે ?*

સમાધાન :—મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ એવું વસ્તુનું સ્વરૂપ છે. મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે. આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો-મૂંઝાયેલો કે જેને શાંતિ નથી, અશાંતિ છે તે એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી. જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ અને પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ—અર્થાત્ જ્ઞાયકને ઓળખ્યા વગર રહે જ નહિ, જ્ઞાયકનું શરણ લીધા વગર રહે જ નહિ. જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે, તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી. તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને યથાર્થ જિજ્ઞાસા જાગે તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી, સ્વભાવને ઓળખી જ લ્યે છે.

*પ્રશ્ન :— કાલે વાત થઈ હતી કે ભાવના–ભાવનામાં ઘણો ફેર હોય છે. એક ભાવના એવી કે અંતર ભેદી નાખે ?*

સમાધાન :—ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય. મંદ–મંદ ભાવના કે ઉપર ઉપરથી ભાવના કે મંદ–મંદ પુરુષાર્થ કર્યા કરે એ ઉગ્ર ભાવના નહિ. આ તો અંતરને ભેદી નાખે–અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે, એવી ભાવના કોઈ જુદી જ હોય છે. અંદરથી ચૈતન્યના માર્ગે ચાલતાં તેને શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે. અલ્પ વિભાવ પરિણતિ અધૂરાશને લઈને થાય છે, પણ તે ભેદજ્ઞાન કરે છે કે હું તો ચૈતન્ય છું, આ વિભાવ મારો નથી. આ રીતે અંતરને ભેદી નાખીને ચૈતન્ય તરફ તેની પરિણતિ દોડી જાય છે અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે.

*પ્રશ્ન :— આપ કહો છો ને કે ભલે ઉપર ઉપરથી કર, પણ ગમે તેમ કરીને તે રસ્તે જા !*

સમાધાન :—હા, તે રસ્તે જા. અંતરમાં તારું લક્ષ અને ભાવના એમ રાખ કે ઊંડાણમાં જવા જેવું છે. કરવાનું ઊંડાણમાં (જ્ઞાયકમાં) છે પણ મારામાં હજી ઘણી અધૂરાશ છે એમ નક્કી કરીને ઊંડાણનું લક્ષ કરવાનો પ્રયત્ન કર. ઉપર ઉપરથી થાય તેને છોડી ન જ દેવું, કારણ કે અમે તને અશુભમાં આવવાનું નથી કહેતા, અને શુભમાં રોકાવાનું પણ નથી કહેતા. તને તીસરી ભૂમિકામાં જવાનું કહીએ છીએ, અમે ઊંચે-ઊંચે જવાનું કહીએ છીએ ત્યાં તું નીચે ક્યાં પડતો જાય છે ! એમ આચાર્યદેવ કહે છે. અમારો કહેવાનો આશય એ છે કે તું તીસરી–શુદ્ધ સ્વભાવની–ભૂમિકા પ્રગટ કર. શુભ તો વચ્ચે આવે છે, પણ તે તારો સ્વભાવ નથી. શુભ અને અશુભ સરખી કોટિના છે એમ તું સમજ અને જે આત્માની તીસરી ભૂમિકા અમૃતકુંભ છે તેને ગ્રહણ કર. માટે ઊંચે જવાનું કહીએ છીએ, પણ તેથી તને ઉપર-ઉપરથી ભાવના આવે તે છોડી દેવાનું નથી કહેતા. જો ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધસ્વભાવમાં જઈ શકાય તો તેને તું પ્રગટ કર. પણ ન જઈ શકે તો તેને છોડીને અશુભમાં જવાનું કહેતાં નથી, ઉપર-ઉપરની ભાવના કાંઈ કામની નથી એમ કરીને છોડવાની નથી, પણ તું ઊંચી પરિણતિને પ્રગટ કર એમ કહેવાનો આશય છે.

ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ મારતાં ભગવાનનાં દ્વાર ન ખૂલે તો થાકીને પાછો નહિ આવતો, ભગવાનનાં દ્વાર ખૂલી જશે. તું ટહેલ મારવી છોડતો નહિ. તેમ ચૈતન્યમંદિરે તું ટહેલ માર કે હું ચૈતન્ય છું. પ્રથમ ઉપર-ઉપરથી તને સમજાય તે છોડતો નહિ. તને ચૈતન્ય ન ઓળખાય ત્યાં સુધી ત્યાં ટહેલ માર્યા જ કરજે, લક્ષ રાખજે

કે મારે હજુ ઘણું આગળ જવાનું છે. તારો પુરુષાર્થ ઊપડતાં ચૈતન્યમંદિર ખૂલવાનો તંને અવકાશ છે. દૂર જઈશ તો ઊલટો તું આઘો જઈશ. દૃષ્ટિ બરાબર રાખજે કે હજી મારે અંદર જવાનું છે. ઉપર-ઉપરની ભાવનાથી કાંઈ પ્રગટ નથી થતું; પણ અંદરની ભાવના પ્રગટ કરવા માટે તું સમજજે કે આ ઉપર-ઉપરનું છે, હજી અંદરનું કરવાનું મારે બાકી છે, એમ યથાર્થ સમજે તો આગળ જઈ શકાશે. જ્ઞાયક છું-જ્ઞાયક છું એમ ઉપર-ઉપરથી થાય તો પણ અંતરમાં જવું છે તે ભાવના તું છોડીશ નહિ, તે છોડવાનું નથી કહેતા. અંદરની ભાવના એવી હોય છે કે ભેદજ્ઞાન થાય અને અંતરને ભેદી નાંખે. ચૈતન્યમંદિરનાં બારણાં ખૂલીને ચૈતન્ય ભગવાન પ્રગટ થાય એ ભાવના જુદી જ આવે છે. પણ તું ઉપર ઉપરની ભાવના દૃઢ કરતો જજે—તો કોઈવાર તારો ઉગ્ર પુરુષાર્થ થશે તો અંદર જવાશે. દૃષ્ટિ શુદ્ધ ઉપર રાખજે.

*પ્રશ્ન :—આ ભાવના મંદ છે કે તીવ્ર છે એ કેવી રીતે ઓળખી શકાય ?*

સમાધાન :—પોતાની મંદતા દેખીને ઓળખાય કે આ મંદ-મંદ ચાલે છે અને ઉગ્રતા થતી નથી એટલે હજી ઉગ્રતાની ખામી છે. મંદ-મંદ ચાલે, ધીમી ગતિએ ચાલે તેને વાર લાગે છે, જેને ઉગ્રતા થાય તે ત્વરાથી પહોંચી જાય છે. ધીમી ગતિએ ચાલનારો ત્યાં ઊભો રહે તો કેમ પહોંચાય ? તેને ખ્યાલ આવે કે હું નથી પહોંચી શકતો માટે મારી ગતિ ધીમી છે. હું જ્યાં ઊભો છું ત્યાં જ ઊભો છું. આગળ જતો નથી.

ભાવનગર જવું હોય ને ધીમી ગતિએ ચાલે, તો પહોંચતાં વાર લાગે. ઉતાવળી ગતિએ ચાલનાર એકદમ પહોંચી જાય છે. નથી પહોંચાતું તે બતાવે છે કે ધીમી ગતિ છે, ઉપર-ઉપરથી થાય છે, અંદરથી પ્રગટ થાય તો પહોંચી જાય છે.

*પ્રશ્ન :—જોર તો પોતાને દેવાનું છે ને ?*

સમાધાન :—પુરુષાર્થ તો પોતાને જ કરવાનો છે, કોઈ કરાવી દેતું નથી. રખડનારો પોતે અને મોક્ષ કરનારો પણ પોતે—સ્વતંત્ર છે.

*પ્રશ્ન :—નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘણો ઘનિષ્ઠ છે. એક મહાપુરુષનું વચન જે અસર કરે છે, તે વાંચવાથી થતું નથી.*

સમાધાન :—તોપણ પોતે સ્વતંત્ર છે. ગુરુદેવ માર્ગ ચોખ્ખો કરીને ગયા છે. કરવાનું પોતાને છે.

*પ્રશ્ન :—શું જ્ઞાન, દર્શન, ચારિત્ર બધાંમાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું ?*

સમાધાન :—હા, બધાંમાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું છે. હું જ્ઞાયક, હું ચૈતન્ય એમ જ્ઞાયકનું અસ્તિત્વ (પોતાનું અસ્તિત્વ) તું ગ્રહણ કર તો પોતે જેવો છે તેવો પ્રગટ થાય. તારું અસ્તિત્વ તું ગ્રહણ કર તો જે સ્વભાવ છે તે સ્વભાવ પ્રગટરૂપે પરિણમી જશે. તારું અસ્તિત્વ તેં ગ્રહણ કર્યું નથી એટલે વિભાવ પર્યાયો પ્રગટ થાય છે. તારું અસ્તિત્વ તું (પોતે) ગ્રહણ કર તો તેમાંથી સ્વભાવ પર્યાયો પ્રગટ થશે.

*પ્રશ્ન :—ચિંતવનમાંથી ઉપયોગ બહાર જાય ત્યારે શું કરવું ?*

સમાધાન :—ઉપયોગ બહારમાં જાય ત્યારે જેને સહજદશા હોય છે તેને પોતાની ભેદજ્ઞાન પરિણતિ ચાલુ જ રહે છે. જિજ્ઞાસુનો ઉપયોગ બહાર જાય ત્યારે તેને અંદરમાં ભાવ એમ રહ્યા કરે કે કરવાનું બીજું છે. ઉપયોગ બહાર જતાં પરની સાથે એકત્વબુદ્ધિ થાય છે, પણ હું તો જુદો ચૈતન્ય છું એમ ભાવના રાખી શકે. જેની સહજ પરિણતિ હોય તેની તો વાત જ જુદી છે, તેને તો જ્ઞાયકની ધારા નિરંતર ચાલુ રહે છે. બહાર ઉપયોગ જાય તોપણ ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે રહે છે, યાદ કરવું નથી પડતું. એકવાર સ્વભાવમાં એકત્વ થઈ જાય તેને હું જુદો છું એમ યાદ નથી કરવું પડતું. જ્યારે ઉપયોગ બહાર જાય તે ક્ષણે જુદી જ્ઞાયકની સહજ ધારા ચાલતી જ હોય છે.

પણ જેને સહજદશા નથી અને તેનો ઉપયોગ બહાર જાય તો ભાવના રાખે કે કરવાનું બીજું છે, ઉપયોગ અંતરમાં જવો જોઈએ.

*પ્રશ્ન :—આત્માને પ્રાપ્ત કરવા ધ્યેય કોનું હોય ? નિશ્ચયનું કે વ્યવહારનું ?*

સમાધાન :—ધ્યેય નિશ્ચયનું હોય, નિશ્ચયનું ધ્યેય રાખવું. વ્યવહારથી નિશ્ચયમાં જવાય નહિ. નિશ્ચયની દૃષ્ટિ, નિશ્ચય તરફ પરિણતિ કરે તો નિશ્ચયમાં જવાય છે. જે જીવો વ્યવહારમાં સર્વસ્વ માને છે, વ્યવહારથી ધર્મ થાય છે તેમ માને છે તેને તો કાંઈ અવકાશ જ નથી. આત્મા સ્વયં અનાદિ-અનંત તત્ત્વ છે, આ વિભાવ તે મારો સ્વભાવ નથી, હું ચેતનતત્ત્વ છું. એવી દૃષ્ટિ–પ્રતીતિ અને એવું ધ્યેય હોવું જોઈએ. તેવી જાતની ભાવના અને ખટક હોય તો પલટો ખાઈને પુરુષાર્થ ઊપડે છે. વ્યવહારથી નિશ્ચય થતો નથી. નિશ્ચયનું ધ્યેય, દૃષ્ટિ અને ભાવના રાખે તો પલટાવાનો અવકાશ છે. વ્યવહાર તો વ્યવહાર જ છે, બંધરૂપ છે.

સર્વસ્વભૂત તો આત્મા છે. આત્મામાંથી શુદ્ધ પર્યાય પ્રગટે છે. આ શુભ તો શુભ જ છે. જ્યાં સુધી શુદ્ધતા થતી નથી, ત્યાં સુધી શુભમાં ઊભો છે અને જ્ઞાન, દર્શન,

ચારિત્રની ભાવના કર્યા કરે. પણ યથાર્થ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ચૈતન્યને ગ્રહણ કરવાથી પ્રગટ થાય છે. આત્મામાંથી જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે.

*પ્રશ્ન :—ચૈતન્યને ગ્રહણ કરવા માટે વાંચન, મનન, સત્‌પુરુષનો સમાગમાદિમાંથી વિશેષપણે શું હોય ?*

સમાધાન :—બધું સાથે હોવું જોઈએ, વાંચન-મનન આદિ બધું ચૈતન્યની સમજણ માટે હોવું જોઈએ. આત્મા ગ્રહણ કેવી રીતે થાય તે ધ્યેય રાખીને સત્‌પુરુષનો સમાગમ, વાણી બધું સાથે હોવું જોઈએ. ગુરુદેવે શું કહ્યું છે ? માર્ગ શું બતાવ્યો છે ? તે રીતે સત્‌પુરુષના આશ્રયપૂર્વક પોતાની વિચારશૈલીથી પોતે નિર્ણય કરીને આત્મસ્વભાવ ગ્રહણ કરવો. ગુરુદેવે શું કહ્યું છે તેની સાથે મેળ કરીને પોતે આગળ જાય. સમજે છે તો પોતાના જ્ઞાનથી, પણ ગુરુદેવે શું માર્ગ બતાવ્યો છે તે સાથે રાખીને વિચાર કરે છે.

*પ્રશ્ન :—આ તત્ત્વના પોષણ માટે એકાંત વિશેષ હોવું જોઈએ એવું જરૂરી છે ?*

સમાધાન :—એકાંતની ભાવના આવે. એકાંત વધારે હોવું જ જોઈએ એવું નથી, પણ એકાંત હોય તો વિચાર કરવાનું, વાંચન કરવાનું એક જાતનું સાધન બને છે. એકાંત હોવું જ જોઈએ એમ નથી, કોઈને વાંચન ગમે ને કોઈને એકાંતમાં ગમે એમ સૌને પોતાની પરિણતિ પ્રમાણે હોય. એકાંત હોય તો પોતાને વિચારનો-મનન કરવાનો વધારે ટાઈમ મળે.

*પ્રશ્ન :—ક્રમમાં આવી પડેલા ઉદયભાવને આઘા-પાછા કરી શકાતા નથી ને તે વખતે આ બાજુના (તત્ત્વના) વિચાર-મનન તૂટી પડે છે તો શું કરવું ?*

સમાધાન :—પોતાની ભાવના હોય તો પુરુષાર્થ કરીને પરિણામને પલટાવી શકે છે. જો પરિણામ પલટાવી શકાતાં ન હોય તો અનાદિ કાળથી કોઈ જીવ પુરુષાર્થ કરીને, ભેદજ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત જ ન કરી શકે. પર્યાયનો સ્વભાવ જ પલટવાનો છે. સ્વભાવ તરફ ભાવના કરી સ્વભાવને ગ્રહણ કરે તો વિભાવ પર્યાયનો પલટો થાય. જે પર્યાય આ બાજુ (વિભાવમાં) જાય છે તે પર્યાયને સ્વ તરફ વાળવી તે પોતાના હાથની વાત છે. ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું હોય છે. એકલું ક્રમબદ્ધ હોતું નથી, ક્રમબદ્ધની અંદર સ્વભાવ, પુરુષાર્થ બધું જોડાયેલું હોય છે. જેને વિભાવ સર્વસ્વ લાગે છે અને તેમાંથી છૂટવું ગમતું નથી તેનું ક્રમબદ્ધ પણ એવું છે. જેને વિભાવ રુચતો નથી અને સ્વભાવ જ રુચે છે તેનું ક્રમબદ્ધ તે જાતનું હોય છે. તેની પુરુષાર્થની ગતિ સ્વભાવ તરફ હોય છે, તેનું ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું છે.

*પ્રશ્ન :— સમકિતીને શુભભાવનો નિષેધ વર્તે છે, છતાં જ્ઞાની પ્રત્યે સાચી અર્પણતા તેને જ હોય છે એ વિચિત્રતા લાગે છે !!*

સમાધાન :—સ્વભાવમાં શુભભાવ નથી એટલે તેની દૃષ્ટિમાં શુભભાવનો આદર નથી. એવી વસ્તુસ્થિતિ છે. સમકિતી એક ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરે છે પણ વચ્ચે શુભભાવ આવ્યા વિના રહેતા નથી. ચૈતન્યતત્ત્વ જ સર્વસ્વપણે અંગીકાર કરવા જેવું છે. ચૈતન્યતત્ત્વ વિના જગતમાં બીજું કંઈ સારભૂત નથી. આ વિભાવ આત્માનો સ્વભાવ નથી, તે દુઃખરૂપ છે, આકુળતારૂપ છે. જેમણે જ્ઞાયક સ્વભાવને સંપૂર્ણપણે ગ્રહણ કર્યો છે અર્થાત્ જેઓએ પુરુષાર્થ કરીને સ્વરૂપમાં લીન થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તથા જેઓ વારંવાર સ્વરૂપમાં લીન થાય છે એવા મુનિવરો, તે બધાનો સમ્યગ્દૃષ્ટિને આદરભાવ આવે છે કારણ કે તેને પોતાના સ્વભાવનો આદર છે. મારો સ્વભાવ જ આદરણીય છે, વિભાવ છે તે હેયરૂપ જ છે–એમ યથાર્થ દૃષ્ટિ—પ્રતીતિ થઈ છે છતાં જેણે આવી દશા પ્રગટ કરી છે તેનો મહિમા પણ આવે છે. મારો સ્વભાવ જુદો છે અને આ વિકલ્પ જુદા છે. પોતે શુભભાવને આદરણીય નથી માનતો, તો પણ શુભભાવમાં ઊભો છે તેથી શુભભાવનાં જે નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુ, તેની મહિમા પણ એટલી જ આવે છે, તેને સ્વભાવની મહિમા છે ને વિભાવ તુચ્છ લાગે છે. છતાં જેણે આ પ્રગટ કર્યું છે–જે તેની સાધના કરે છે–તેની મહિમા આવે છે. સમકિતીને પોતાના સ્વભાવની મહિમા છે, તેથી સ્વભાવને જેણે પ્રાપ્ત કર્યો છે તેવા જ્ઞાનીઓ પ્રત્યે યથાર્થ મહિમા આવે છે.

અંતરદૃષ્ટિમાં શુભભાવ મારો સ્વભાવ નથી એમ તે માને છે અને તે ક્ષણે ભેદજ્ઞાનની ધારા પણ વર્તે છે. આમ તેને શુભભાવ આદરણીય નથી, છતાં શુભભાવનો રસ ઘણો પડે છે અને સ્થિતિ ઓછી પડે છે.

*પ્રશ્ન :— જેટલું થઈ શકે તેટલું વાંચન, મનન પ્રયત્નથી કરીએ છીએ. છતાં વ્યવહારિક જીવનમાં અવારનવાર જૂઠું બોલવાના કે માયાચારીના ભાવ થઈ જાય છે, કોઈ જીવને દુઃખ થશે એવું જાણવા માટે દરકાર રહેતી નથી. જોકે એ બધું બાહ્ય છે, છતાં શું તે પરિણામથી આત્મસાધનામાં કે તેની પાત્રતામાં નુકસાન ન થાય ?*

સમાધાન :—પોતે સમજી લેવાનું કે કઈ જાતના ભાવ આવે છે. મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે. આત્માર્થીને ન શોભે એવી જાતના–મર્યાદા તોડીને જે–વિચારો થાય તેવા આત્માર્થીને હોય નહિ, તેવાં કાર્યો પણ આત્માર્થીને હોય નહિ. જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને

હોય છે. પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી. પોતાનાં પરિણામ કઈ જાતનાં છે તે વિચારીને, તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી. મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે. આત્માર્થતાને ક્યાંય નુકસાન પહોંચે તેવા મર્યાદા રહિતનાં પરિણામ આત્માર્થીનાં હોય નહિ.

*પ્રશ્ન :—સ્વાધ્યાય કરતી વખતે જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું જોઈએ તો તે કેવી રીતે રાખવું ?*

સમાધાન :—પોતાને અંદર જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ હોય તો તે કાળે જ્ઞાતા-દ્રષ્ટાપણું રહે છે. હજી જેને જ્ઞાતાપણું પ્રગટ જ થયું નથી તેને તો જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું મુશ્કેલ પડે છે. જ્ઞાયકને ઓળખી ભેદજ્ઞાન કરી જ્ઞાતાની–ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરી હોય તો દરેક શુભભાવ અને અશુભભાવમાં જ્ઞાતાપણું સહજપણે રહે છે. ક્ષણે ક્ષણે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ સહજપણે જ્ઞાતાના અસ્તિત્વ તરફની પરિણતિ રહ્યા જ કરે છે. શ્રુતના ચિંતવનના કાળે, કે શાસ્ત્ર-અભ્યાસ વખતે જ્ઞાતાધારા જુદી ને જુદી રહે છે. જેને એકત્વબુદ્ધિ છે, જિજ્ઞાસુની ભૂમિકા છે તેને જ્ઞાતાપણું હોતું નથી. તેને માત્ર ભાવના રહે છે કે હું જ્ઞાયક છું, પણ પરિણતિ પ્રગટ કરવાની બાકી છે.

જેને જ્ઞાયકની દશા પ્રગટ થઈ છે; સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સવિકલ્પમાં આવે ત્યારે પણ તેને ભેદજ્ઞાનની ધારા રહે છે. દર્શન કરે, પૂજા કરે, ગમે તે કરે તોપણ તેને ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે.

જ્ઞાનીને બહારથી ભગવાનની ભક્તિ ઘણી દેખાય, શ્રુતનું ચિંતવન ઘણું દેખાય તો પણ ક્યાંય એકત્વબુદ્ધિ થતી નથી. જ્ઞાયકની ધારા જુદી ને જુદી વર્તે છે. કર્મમાં અમુક જાતનો રસ ઘણો પડે છે, પણ તેને ભેદજ્ઞાનની ધારા વર્તે છે તેથી સ્થિતિ લાંબી પડતી નથી.

*પ્રશ્ન :—જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે તે વિશેષ સમજાવવા કૃપા કરશો.*

સમાધાન :—ગુણ અને ગુણી અભેદ છે. જે આ જ્ઞાનલક્ષણ દેખાય છે તેટલો આત્મા છે. જ્ઞાન સિવાયનું બધું વિભાવ અને પર છે. જે આ જ્ઞાનલક્ષણ દેખાય છે તે જ્ઞાનલક્ષણથી તું આત્માને ઓળખી લે. જે જ્ઞાનલક્ષણ દેખાય છે તેટલો આત્મા છે. લક્ષ્ય-લક્ષણ એક જ છે–અભેદ છે. તેને ગ્રહણ કર. તું જ્ઞાયકને ગ્રહણ કરી લે.

*પ્રશ્ન :—આ સિદ્ધાન્તથી આચાર્યદેવને જ્ઞાયક ગ્રહણ કરાવવાનો હેતુ છે ?*

સમાધાન :—હા, જ્ઞાયકને ગ્રહણ કરાવવો છે. જેટલું આ જ્ઞાન છે તેટલો આ

આત્મા છે. બાકી જે દેખાય છે તે બધો વિભાવ છે. એક જ્ઞાનલક્ષણ આત્માને તું ઓળખી લે, એક જ્ઞાયકને ઓળખી લે. તેના ઉપર દૃષ્ટિ કર. ગુણ-ગુણી અભેદ છે તેના ઉપર દૃષ્ટિ સ્થાપી દે, તેમાં સંતોષ કર, તેમાં રુચિ કર, તેનાથી તૃપ્ત થા. તેમાં જ સર્વસ્વ છે, બહાર કંઈ નથી. તેના ઉપર દૃષ્ટિ સ્થાપીને તેનું જ્ઞાન કર, તેની પરિણતિ કર, તેમાંથી સંતોષ મળશે, તેમાંથી તૃપ્તિ આવશે ને તેમાંથી જ અપૂર્વ સુખ પ્રગટ થશે. ભગવાન-સ્વરૂપ આત્મામાં જ બધું ભરેલું છે.—જ્ઞાયકમાં જ બધું ભર્યું પડ્યું છે.

કોઈને એમ થાય કે એકલા જ્ઞાનમાં શું છે ? જ્ઞાનમાંથી શું મળવાનું છે ? પણ તે જ્ઞાનમાં અનંત-અનંત ભરેલું છે. જેટલું આ જ્ઞાન છે તેટલો આત્મા છે તેને તું ગ્રહણ કર.

*પ્રશ્ન :—વ્યવહારના ઘણા ભેદ પડે પણ મુખ્યતા તો અભેદની છે ને ?*

સમાધાન :—ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક અભેદને ગ્રહણ કરવાનો છે. એક અભેદને ગ્રહણ કરતાં ભેદનું જ્ઞાન વચ્ચે આવી જાય છે, પણ ભેદ ઉપર તેને દૃષ્ટિ રાખવાની નથી. બીજું બધું જ્ઞાન કર અને દૃષ્ટિ અભેદ ઉપર કર. દૃષ્ટિ તેમાં સ્થાપ્યા પછી તેમાંથી શુદ્ધ પર્યાયો સ્વયં પ્રગટ થશે. પહેલાં તું યથાર્થ નિશ્ચય કર કે જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ હું છું. યથાર્થ દૃષ્ટિ પ્રગટ કર, દૃષ્ટિ જ મુખ્ય છે. દૃષ્ટિ એક અભેદ આત્મા ઉપર કર.

*પ્રશ્ન :—પ્રથમ જ્ઞાનથી આત્માના સ્વરૂપનો ભેદપૂર્વક વિચાર કરે કે હું આવા જ્ઞાનસામર્થ્યથી ભરેલો છું ?*

સમાધાન :—પહેલાં વિકલ્પ દ્વારા નક્કી કરે છે. વિચારમાં એવા ભેદના વિચારો વચ્ચે આવ્યા વગર રહેતા નથી, પણ દૃષ્ટિ એક અભેદની કરવાની છે. દૃષ્ટિ અભેદ ઉપર ગઈ ને તેમાં લીન થતાં વિકલ્પ તૂટીને તેમાંથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. પહેલાં નિશ્ચય કરે, વ્યવહાર વચ્ચે આવશે પછી તે મતિ-શ્રુતની બુદ્ધિને સમેટીને નિર્વિકલ્પ થાય છે.

*પ્રશ્ન :—સાધકની ભૂમિકામાં શુભરાગ આવે તેને સાધક હેયરૂપે જાણે છે તે બરાબર છે. જિજ્ઞાસુની ભૂમિકામાં, આપ કહો છો તેમ, અંદરમાં જ્ઞાયક અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ બંને રહે છે, પણ અમને એમ લાગે છે કે દેવ-ગુરુને જો સાથે રાખવા જઈએ તો અનાદિનો જીવને વ્યવહારનો પક્ષ છે, તેની રુચિ છે, તેથી વ્યવહારની રુચિ થવાની શક્યતા નથી લાગતી ?*

સમાધાન :—રુચિવાળા જીવને દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. મને મારું સ્વરૂપ કેમ ઓળખાય, ગુરુ મને શું માર્ગ બતાવે છે, ગુરુએ શું કહ્યું છે, એવા વિચારો તેને આવ્યા વગર રહેતા નથી. પણ તેથી તેને વ્યવહારનો પક્ષ આવી જાય છે તેમ નથી. તેને ભાવના રહે છે તેથી ભક્તિ આવ્યા વગર રહેતી નથી. ગુરુ એમ કહે છે કે તું તારા

શુદ્ધાત્માને ઓળખ, બધા શુભભાવથી તારો શુદ્ધાત્મા જુદો છે. છતાં જિજ્ઞાસુને શુભભાવ આવ્યા વગર રહેતા નથી, પણ તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તે જીવ વ્યવહારથી લાભ માને, તેમાં સર્વસ્વ માને, તેનાથી મને મોક્ષ મળશે તેમ માને તો તેમાં વ્યવહારનો પક્ષ આવે છે. બાકી જે શુભભાવ આવે તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. શુભભાવ આવે છે તેની સાથે જિજ્ઞાસુની શ્રદ્ધા એવી થઈ જતી નથી કે આ શુભભાવથી મને લાભ છે. જિજ્ઞાસુની શ્રદ્ધા અને રુચિ તેમાં ભેગાં ભળી જતાં નથી.

જિજ્ઞાસુને બુદ્ધિપૂર્વક એવો નિર્ણય હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા વિકલ્પ વગરનું નિર્વિકલ્પ તત્ત્વ છે. શુભભાવ તારું સ્વરૂપ નથી એમ ગુરુએ જે કહ્યું છે તે તેણે વિચારથી દૃઢ કરેલ છે. તેથી શુભભાવ આવે એટલે તેમાં વ્યવહારનો પક્ષ આવીને એવી શ્રદ્ધા થઈ જતી નથી.

શુભભાવથી મને લાભ થાય, દેવ-શાસ્ત્ર-ગુરુ મને લાભ કરી દેશે, તેઓ કરે તેમ થાય, હું મારા પુરુષાર્થથી કાંઈ કરી શકું નહિ એવી જેને માન્યતા નથી તેને વ્યવહારનો પક્ષ આવતો નથી. જેને એવી શ્રદ્ધા છે કે હું મારાથી કરું ત્યારે જ થવાનું છે, છતાં ગુરુ મને ઉપકારરૂપ છે અને ગુરુએ જ મને બધું આપ્યું છે, એવી શુભભાવના આવે છે, પરંતુ તેનાથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેની શ્રદ્ધા તો જુદી જ રહે છે.

યથાર્થ શ્રદ્ધાની વાત તો જુદી છે, તે સહજરૂપે જ્ઞાનીને–ભેદજ્ઞાનીને હોય છે. જિજ્ઞાસુને પણ બુદ્ધિપૂર્વકની જે શ્રદ્ધા છે તે શ્રદ્ધામાં ભૂલ આવતી નથી. ગુરુની ભક્તિ કરે તેમાં શ્રદ્ધાની ભૂલ આવતી નથી, તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. જિજ્ઞાસુ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે છે; છતાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેમાં સર્વસ્વ માને ત્યારે વ્યવહારનો પક્ષ આવે છે.

જેને ભેદજ્ઞાન પ્રગટ થયું છે એવા આચાર્યો ધવલાદિ શાસ્ત્રો રચે છે, કોઈ અધ્યાત્મનાં શાસ્ત્રો રચે છે. તો તેમાં પક્ષ આવી જાય છે ? પદ્મનંદી આચાર્ય ભક્તિનાં શાસ્ત્રો રચે છે, તો તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી, ત્યાં પણ સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. જિજ્ઞાસુએ નક્કી કર્યું છે કે આ બધા વિભાવથી છૂટો હું ચૈતન્ય દ્રવ્ય છું, તે ભલે બુદ્ધિથી નક્કી કર્યું છે છતાં તેને ભક્તિના ભાવ આવે અને તે કાર્યમાં જોડાય તેથી કંઈ ભક્તિના કાર્યથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી.

*પ્રશ્ન :—જિજ્ઞાસુ શુભભાવને હેય સમજે છે અને આવ્યા વગર રહેતા પણ નથી તેમ કેવી રીતે બંને વાત સમજે છે ?*

સમાધાન :—હા, જિજ્ઞાસુ એમ સમજે છે. તેને શ્રદ્ધા છે કે શુભભાવ તો હેય છે, તો પણ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. શુભભાવ આવે તો શ્રદ્ધામાં ભૂલ પડે છે એમ નથી. બહુ ભક્તિ કરે તો તેને વ્યવહારનો પક્ષ થઈ ગયો છે તેમ નથી. જિજ્ઞાસુ અંતરમાં પોતે જાણતો હોય છે, તેની શ્રદ્ધામાં હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા જુદો છે, શુભભાવ તારું સ્વરૂપ નથી. આ તેણે સ્વયં પણ નક્કી કરેલું છે તેથી તેની શ્રદ્ધામાં ભૂલ થતી નથી.

*પ્રશ્ન :—જિજ્ઞાસુ મહિમા તો એમ જ કરે છે કે ગુરુદેવ ! આપે જ બધું–સર્વસ્વ આપ્યું છે.*

સમાધાન :—ગુરુદેવ ! આપ જ સર્વસ્વ છો; આપે જ અમને બધું આપ્યું છે; આપ અહીં પધાર્યા–આપે માર્ગ બતાવ્યો તો અમે જાગૃત થયા; આપે પુરુષાર્થ કરતાં શીખવ્યું છે;– તે પ્રમાણે બધી વિનયની ભાષા બોલે પણ અંતરથી સમજે છે કે કરવાનું તો મારે છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે એમ તે સમજે છે, અમારી દિશા બદલી હોય તો આપે જ બદલાવી છે એમ ઉપકારબુદ્ધિમાં તેને આવે છે, શુભભાવમાં એમ જ આવે છે.

*પ્રશ્ન :—સમયસારની ૩૮મી ગાથામાં અપ્રતિહતની વાત આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રી અવારનવાર કહેતા હતા કે બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનમાં જોડણી ક્ષાયિકની વાત હતી, તો કૃપા કરીને જોડણી ક્ષાયિક સમકિત એટલે શું ? તે કોને પ્રગટ થાય ? તેનો ખુલાસો કરશોજી.*

સમાધાન :—જોડણી ક્ષાયિક તો જેને અપ્રતિહત ધારા હોય છે તેને પ્રગટ થાય છે. શુદ્ધાત્માની સાધનાની વિશેષ વિશેષ પર્યાયો જોડાતી જાય તો અપ્રતિહત ધારાએ જોડણી ક્ષાયિક પ્રગટ થાય છે.

મુમુક્ષુ :—હજુ સ્પષ્ટ થયું નથી તો વધારે ખુલાસો કરવા કૃપા કરશોજી.

બહેનશ્રી :—તે ક્ષયોપશમ (ક્ષયોપશમ સમકિત) એવું અપ્રતિહત હોય છે કે જે પડવાનું નથી. તેની બધી પર્યાયો અપ્રતિહતભાવે પ્રગટ થાય છે. જોડણી ક્ષાયિકમાં ધારા જ એવી અપ્રતિહત ધારાએ પ્રગટ થાય છે.

*પ્રશ્ન :—પાત્ર શિષ્યનાં મુખ્ય લક્ષણો સંબંધી થોડું માર્ગદર્શન આપો.*

સમાધાન :—પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે. આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે. શુભભાવનાં કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય

છે, બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કોઈ પ્રયોજન હોતું નથી.—લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે; લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય તેવી તેને પ્રીતિ હોય છે. જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે, બીજો કોઈ અન્ય હેતુ તેનો હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે.

*પ્રશ્ન :—ધાર્મિક સંસ્થાનાં કાર્યો કરવામાં પ્રયોજનમાં શું લેવું ? જોડાવું કે નહીં ?*

સમાધાન :—ધાર્મિક કાર્યોમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના થતી હોય, પોતાને તેનો વિકલ્પ આવતો હોય તો તેમાં જોડાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના અર્થે અને પોતાના આત્માના અર્થે તેમાં જોડાય છે. બીજું કોઈ પ્રયોજન હોતું નથી.

*પ્રશ્ન :—તેમાં આત્મા જ મુખ્ય હોય ?*

સમાધાન :—આત્મા જ મુખ્ય છે. મારા આત્મામાં સંસ્કાર કેમ પડે, તે સંસ્કાર દૃઢ કેમ થાય, હું ચૈતન્ય ન્યારો છું, એવું જ તેનું પ્રયોજન છે. પોતાને ધર્મની પ્રીતિ છે, તેથી ધર્મની પ્રભાવના કેમ થાય, ગુરુદેવની પ્રભાવના કેમ થાય, ગુરુના ધર્મની શોભા કેમ વધે, કોઈ આ માર્ગ જાણે તેવો શુભભાવનો વિકલ્પ આવે છે. જેને પોતાના સ્વભાવની પ્રીતિ છે, તેને ગુરુએ જે માર્ગ બતાવ્યો છે તેની અને ગુરુની ભક્તિ આવ્યા વગર રહેતી નથી, તેથી શુભ કાર્યોમાં જોડાય છે પણ તેમાં તેનો હેતુ આત્માનો છે.

*પ્રશ્ન :—એક સમયની જ્ઞાનની પર્યાયને કોઈવાર શાસ્ત્રમાં જ્ઞેય તરીકે કહે છે, કોઈવાર પર્યાય છે માટે હેય છે તેમ કહેવાય છે ને કોઈ વખત પ્રગટ કરવા માટે તેને ઉપાદેય કહેવાય છે. એક પર્યાય સંબંધી શાસ્ત્રમાં ઘણા પ્રકાર આવે છે તો ભેદજ્ઞાનની જ્યોતિ પ્રગટ કરવા માટે કઈ વાત મુખ્ય કરવી ? હેય-જ્ઞેય-ઉપાદેય કઈ રીતે કરવું ? તે ફરમાવશોજી.*

સમાધાન :—અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં જે પર્યાયો પ્રગટે છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, માટે દૃષ્ટિ અપેક્ષાએ તેને હેય કહે છે. જ્ઞાનની અપેક્ષાએ તેને જાણવાયોગ્ય કહેવાય છે, પણ જે અધૂરી સાધનાની પર્યાય છે તે વચ્ચે આવ્યા વગર રહેતી નથી. તે જ્ઞાનમાં જાણવાયોગ્ય છે અને તે પ્રગટ કરવાની અપેક્ષાએ આદરવાયોગ્ય છે.

જ્ઞાન-દર્શનની જે અધૂરી પર્યાયો છે તે એક સમયમાં પૂર્ણ થતી નથી, ચારિત્ર પણ એકસાથે પરિપૂર્ણ પ્રગટ થતું નથી. તેથી તેને સાધના કરવાની રહે છે, સ્વરૂપમાં લીનતા કરવાની રહે છે. તેથી તે પર્યાયને જ્ઞાન આદરણીય પણ જાણે છે.

નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ સમજે તો સાધનામાં આગળ જાય છે. દૃષ્ટિમાં જ્ઞાયકને એકને મુખ્ય રાખીને અધૂરી-પૂર્ણ પર્યાયને પણ ગૌણ કરવામાં આવે છે. અધૂરી-પૂર્ણ પર્યાય જેટલો હું નથી, હું તો અખંડ જ્ઞાયક છું. કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય તોપણ તે પર્યાય છે. હું તો અખંડ એક દ્રવ્ય છું. સમ્યગ્દર્શનથી માંડીને જે નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે તે બધી સાધનામાં વચ્ચે આવે છે, તેથી તે પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે. સાધના કરતાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે, તે અપેક્ષાએ તે ઉપાદેય છે; પણ દૃષ્ટિની અપેક્ષાએ તેને હેય કહેવામાં આવે છે.

*પ્રશ્ન :—શું પ્રગટ કરવાની અપેક્ષાએ પર્યાયને ઉપાદેય કહેવામાં આવે છે ?*

સમાધાન :—હા, પર્યાયને પ્રગટ કરવાની અપેક્ષાથી ઉપાદેય કહી છે, તેમાં તેને પુરુષાર્થ કરવાનો રહે છે. સાધકને સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સ્વાનુભૂતિમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય ને પછી સ્વાનુભૂતિરૂપે જ પોતે થઈ જાય, અર્થાત્ જેવો આત્મા છે, તે રૂપે જ પોતે થઈ જાય એવી દશા હજી પ્રગટ થઈ નથી, તેથી પર્યાય પ્રગટ કરવાની અપેક્ષાએ આદરણીય છે.

મુનિઓ છટ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં-ઝૂલતાં અંતર્મુહૂર્તમાં અંતરમાં જાય છે અને બહાર આવે છે, તો પણ હજી પર્યાય અધૂરી છે, તેથી સાધનાની પરિણતિ ચાલ્યા જ કરે છે. છટ્ઠા-સાતમા ગુણસ્થાનની દશામાં હું પ્રમત્ત નથી કે અપ્રમત્ત નથી એવી દૃષ્ટિ હોવા છતાં તે સાધનાની પર્યાયમાં મુનિઓ ઝૂલે છે. તેમાં વૃદ્ધિ થતાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે સાધનામાં પરિણતિની દોરી તેના સ્વભાવ તરફ છે, જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતાના તરફ જાય છે. સાધનામાં આવું હોય છે તો પણ દૃષ્ટિ એક આત્મા ઉપર છે, દૃષ્ટિ બધાને હેય કરે છે, દૃષ્ટિ બધાને ગૌણ કરે છે.

*પ્રશ્ન :—'જ્ઞાન જ્ઞાનને ખેંચતું' એમ આપે ફરમાવ્યું તેનો ભાવ શું છે ? તે ફરમાવશોજી.*

સમાધાન :—જ્ઞાન એટલે પુરુષાર્થની દોરી જે પરિણતિ વિભાવ તરફ જતી હતી તેને સ્વભાવ તરફ ખેંચે છે, સાધનાને વધારતો જાય છે અને ભેદજ્ઞાનની ધારા ઉગ્ર કરતો જાય છે.

દૃષ્ટિ પ્રગટ થઈ પછી કાંઈ કરવાનું રહેતું જ નથી એમ નથી. દૃષ્ટિ પ્રગટ થયા પછી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, હજી તેમાં લીનતા પ્રગટ કરવાની બાકી છે. ભેદજ્ઞાનની ધારાને ઉગ્ર કરીને દૃષ્ટિનું બળ વધારતો જાય છે, પોતાની પરિણતિને એકદમ પોતા તરફ વાળતો જાય છે, વિભાવ તરફ જતી પરિણતિને સ્વભાવ તરફ ખેંચતો જાય છે. દૃષ્ટિમાં પર્યાયને હેય માને છે, છતાં પણ પુરુષાર્થની દોરી ચાલુ છે. હું તો અખંડ છું તો પણ આ વિભાવની પર્યાય થઈ રહી છે, સ્વભાવની પર્યાય અધૂરી છે તે બધું જાણે છે, અને પુરુષાર્થની દોરી પોતા તરફ ખેંચતો જાય છે.

*પ્રશ્ન :—શાસ્ત્રભાષાથી કહીએ કે પ્રગટ કરવાની અપેક્ષાએ પર્યાય ઉપાદેય છે. પરંતુ આપે જે કહ્યું તેનાથી સ્પષ્ટીકરણ બહુ સરસ થયું. સાધનામાં સાધકને આવાં પરિણામ આવે છે તે બહુ સરસ વાત કરી. તે વિશેષ સમજાવશોજી.*

સમાધાન :—સાધનામાં આવાં પરિણામ સાથે હોય જ. તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર સ્થપાયેલી રહે છે. દૃષ્ટિ જ્ઞાયકથી છૂટી પડતી નથી. હું જ્ઞાયક છું એમ જ્ઞાયકનું જે અસ્તિત્વ ગ્રહણ કર્યું છે, વિભાવથી ન્યારો, અધૂરી કે પૂર્ણ પર્યાય જેટલો પણ હું નહિ તથા ગુણના ભેદ પણ મારામાં નથી એવી જે દૃષ્ટિ જ્ઞાયક ઉપર સ્થપાણી તે (તેની) દૃષ્ટિ ત્યાંથી ખસતી જ નથી. છતાં તેને જ્ઞાનમાં ખ્યાલ છે કે આ વિભાવ ઊભો છે, હજી અધૂરી પર્યાય છે, સ્વભાવનું વેદન અંશે થાય છે. સ્વાનુભૂતિની દશા પ્રગટી છે; જ્ઞાયકની સવિકલ્પ ધારામાં અંશે શાંતિનું વેદન થાય છે, પણ હજી તે પૂરું નથી—અધૂરું છે; વિકલ્પની, વિભાવની બધી જાળ હજી ઊભી છે એમ તે જાણે છે ને તે વિભાવથી પોતાની પરિણતિને છૂટી પાડતો પુરુષાર્થ કરતો જાય છે. દૃષ્ટિની સાથે વિભાવથી છૂટવાના પુરુષાર્થની દોરી સાથે ને સાથે રાખે છે. વિભાવમાં એકત્વ થતું નથી અને તેની જેટલી ઉગ્રતા થાય છે તે પ્રમાણે પુરુષાર્થ કરતો જાય છે.

આમ પુરુષાર્થ કરતાં-કરતાં તેની ભૂમિકા પલટાઈ જાય છે. ચોથી ભૂમિકા પછી પાંચમું ગુણસ્થાન, પછી છઠ્ઠા—સાતમાની ભૂમિકામાં તે પોતાના સ્વભાવની દોરીને વધારે ખેંચતો હોવાથી જ્ઞાનની ઉગ્રતા, જ્ઞાતાધારાની તીખાશ અને વિરક્તિ વધતી જાય છે. સ્વભાવની એકદમ નિર્મળતા થતી જાય છે ને સ્વાનુભૂતિની દશા વધતી જાય છે. તેની દૃષ્ટિ ચાલુ છે ને પુરુષાર્થની દોરી પણ સાથે ને સાથે ચાલુ જ છે.

*પ્રશ્ન :—જ્ઞાનનું ફળ વિરતિ છે, તો મુમુક્ષુની ભૂમિકામાં થોડું વિભાવથી રહિત થવું જોઈએ ને?*

સમાધાન :—યથાર્થ જ્ઞાન પ્રગટે, જ્ઞાયકની ધારા પ્રગટે તેનું ફળ વિરતિ છે તેથી જેને જ્ઞાયકની ધારા પ્રગટે તેને વિરક્તિ આવી જાય છે, તે વિભાવથી છૂટો પડી જાય છે, અનંતાનુબંધી કષાયો તૂટીને અંશે સ્વરૂપરમણતા પ્રગટે છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. તે કારણે જ્ઞાયકની ધારા પ્રગટે છે તેમાં તેને અમુક અંશે વિભાવ છૂટી જાય છે.

મુમુક્ષુ ભૂમિકામાં જ્યાં જિજ્ઞાસા પ્રગટ થઈ ત્યાં તે વિચાર-વાંચન કરે તેની સાથે તેને અમુક વૈરાગ્યાદિ હોય જ છે, ન હોય તો તેટલી રુચિ જ નથી. આત્મા તરફ રુચિ જાય અને વિભાવનો રસ ન છૂટે તો તેને તત્ત્વની રુચિ જ નથી. વિભાવનો રસ છૂટવો જ જોઈએ. જ્ઞાયકની ધારા પ્રગટે તે યથાર્થ વિરતિ છે. જિજ્ઞાસુને અભ્યાસમાં આત્માની રુચિ જાગે તેને વિભાવનો રસ છૂટવો જ જોઈએ. તે તત્ત્વ વિચાર કરે, વાંચન કરે પણ અંદરથી એટલો વૈરાગ્ય ન આવે તો યથાર્થ રુચિ જ નથી. રુચિ સાથે તેને થોડી વિરક્તિ અને અંદરથી વિભાવનો રસ છૂટી જવો જોઈએ.

*પ્રશ્ન :—શ્રીમદ્જીમાં આવે છે કે સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ તે દ્રવ્યાનુયોગ પરિણમ્યાનું મૂળ છે એ કોઈ કાળે ભૂલીશ નહિ. ત્યાં શું કહેવું છે ?*

સમાધાન :—જેને દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમી ગયો. તેને સંયમ ક્રમે ક્રમે આવી જ જાય છે. તેને સ્વરૂપરમણતા પ્રગટ થઈ ચારિત્ર પ્રગટે છે. મુમુક્ષુ દશામાં અમુક પ્રકારે તેને બહારથી રુચિ છૂટી જાય છે. વૈરાગ્ય આવી જાય છે.

*પ્રશ્ન :—અર્પણતા એટલે શું ?*

સમાધાન :—અર્પણતામાં બધા આગ્રહો છૂટી જવા જોઈએ, આગ્રહોના નાંગળા ઢીલા થઈ જાય તો અર્પણતા થાય. અર્પણતામાં બધા આગ્રહો–કે હું કાંઈ જાણું છું તે છૂટી જવું જોઈએ. કોઈ જાતની પક્કડ ન રહેવી જોઈએ.

*પ્રશ્ન :—નિર્ણય કરીએ અને અમુક સમયે નિર્ણય છૂટી જાય તેનું કારણ શું ?*

સમાધાન :—રુચિ ન હોય તો નિર્ણય થઈને છૂટી જાય. રુચિ પ્રબળ હોય તો એમ ને એમ નિર્ણય ટકાવી રાખે અને તેનો નિર્ણય આગળ કાર્ય કરે કે આ હું છું–આ હું નથી. એમ રુચિ હોય તો નિર્ણય તેનું દૃઢતાપૂર્વક કાર્ય કર્યા કરે. આવું તેને પ્રથમ અભ્યાસરૂપ હોય. આ હજી યથાર્થ નથી, પણ તેનો અભ્યાસ કરતાં–કરતાં યથાર્થ થવાનો અવકાશ છે.

*પ્રશ્ન :—શાસ્ત્રના જ્ઞાનનો ઉઘાડ હોય તે શું ઘોલન નથી ?*

સમાધાન :—ના, તે ઘોલન નહિ. મૂળ તત્ત્વનું ઘોલન–ચૈતન્યનું ઘોલન તે અંદરનું ઘોલન છે, પછી તે ઘોલનમાં ઝાઝું ટકી ન શકે તો શાસ્ત્રના વિચાર આવે તે વાત જુદી છે. પ્રયોજનભૂત તત્ત્વના વિચાર આવે કે મારાં દ્રવ્ય-ગુણ-પર્યાય કેવાં છે ? હું બધાથી ન્યારો છું તો કેમ ન્યારો થાઉં ! કેમ અંતરમાં આ ભેદજ્ઞાન પ્રગટ થાય ? એમ વિચારો આવે.

જેમ ભગવાન અને ગુરુના આંગણે ટહેલ મારે તેમ જ્ઞાયકને ગ્રહણ કરવા માટે વારંવાર ટહેલ માર્યા કરે, તેનો વારંવાર અભ્યાસ કર્યા કરે, ભગવાનના દર્શન માટે ભગવાનનાં દ્વારે ટહેલ મારતો હોય, ગુરુના દર્શન માટે ગુરુના આંગણે ટહેલ મારતો હોય, અને જ્યાં ભગવાનનાં દ્વાર ખૂલે અને ભગવાનનાં દર્શન થાય–ગુરુનાં દર્શન થાય તેમ ચૈતન્યના આંગણે ટહેલ માર્યા કરે કે ચૈતન્યનાં દર્શન કેમ થાય ? મારા ચૈતન્યનો સ્વભાવ શું ? તેની મહિમા શી ? તેમ જો વારંવાર ટહેલ મારે અને અભ્યાસ કરે તો ચૈતન્યનાં દ્વાર ખૂલી જાય ને દર્શન થાય.

જો ભગવાનને દ્વારેથી છૂટી જાય–થાકી જાય તો દર્શન ન થાય. તેમ અહીં તેણે અંદરથી થાકવું નહિ–નિરાશ થવું નહિ. ગુરુની મહિમા લાગે તો ગુરુના આંગણે ટહેલ મારતાં ગુરુનાં દર્શન થાય તેમ ચૈતન્યના આંગણે વારંવાર ટહેલ માર્યા કરે, ચૈતન્યનો વિચાર–અભ્યાસ કર્યા કરે ને તેનું રટણ કર્યા કરવું જોઈએ.

ચૈતન્ય ગ્રહણ નથી થતું માટે તેનું રટણ મૂકવું જોઈએ નહિ. અંતરમાં નાંખેલા જે સંસ્કાર છે તે અંદરમાંથી કામ કર્યા વગર રહેવાના જ નથી.

*પ્રશ્ન :—હમારે વહાં મંદિર નહીં હૈ, શ્વેતાંબર મંદિર હૈ ઉસમેં જાનેસે હમારા ક્યા નુકસાન હોગા ?*

સમાધાન :—યથાર્થ તત્ત્વ સમજનેસે બાહરમેં ક્યા કરના વો અપને આપ સમજમેં આયેગા. મૈં જ્ઞાયક હૂં, ચૈતન્યસ્વભાવ હૂં ઔર વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ, શરીર ભિન્ન હૈ. ઐસી ભેદજ્ઞાનકી બાત સમજો, પીછે યથાર્થ દેવ-શાસ્ત્ર-ગુરુ કૈસા હોતા હૈ ઔર અન્ય જગહ જાનેસે ક્યા નુકસાન હોતા હૈ વહ અપને આપ સમજમેં આ જાયગા.

મૂળ પ્રયોજનભૂત જ્ઞાયકકો સમજો, ઉસીમેં સચ્ચા દેવ-શાસ્ત્ર-ગુરુ આ જાતા હૈ. દેવ કૈસે હોતે હૈં ? દેવ વીતરાગી હોતે હૈં, સમવસરણમેં બિરાજતે હૈં, ઉન્હેં વિકલ્પ નહીં હૈ, સ્વરૂપમેં પૂર્ણ લીન હો ગયે હૈં. ઉનકી નાસાગ્ર દૃષ્ટિ હૈ. ભગવાન વીતરાગી હૈ તો પ્રતિમા ભી વૈસી હોની ચાહિયે. પ્રતિમામેં ફેરફાર કરના વો યથાર્થ નહીં હૈ. ઇસલિયે ક્યા કરના સો અપને આપ સમજ લેના.

ભાવમેં સચ્ચાપન હોવે તો બાહરમેં નમસ્કાર ભી સચ્ચેકો હોતા હૈ, યહ સબ યથાર્થ

તત્ત્વ સમજનેસે સમજમેં આ જાયેગા.

જો જ્ઞાયકકો સમજે ઉનકા વ્યવહાર ભી સચ્ચા હોતા હૈ. વોહી દેવ-શાસ્ત્ર-ગુરુકો સમજતે હૈં. જૈસા ભગવાન હૈ વૈસી હી પ્રતિમાજીકી સ્થાપના હોતી હૈ તથા વો પ્રતિમાજી કો નમસ્કાર હોતા હૈ, તત્ત્વ સમજનેસે અપને આપ સમજમેં આ જાયેગા કિ ક્યા કરના ચાહિયે. જબ અપને ભાવમેં નિશ્ચય-વ્યવહાર સમજમેં આયેગા તબ અપને આપ ગલત માન્યતા છૂટ જાયેગી. નહીં છૂટતા તબ તક વિચાર કરના કિ ક્યા સચ્ચા હૈ ? જબ સમજમેં આ જાયગા તો ઉનકો માનનેસે ક્યા નુકસાન હૈ વહ અપને આપ સમજમેં આયેગા ઔર છૂટ જાયેગા.

*પ્રશ્ન :—અમારે આત્માની સ્વાનુભૂતિ પ્રગટ કરવા માટે શું કરવું ?*

સમાધાન :—સ્વાનુભૂતિ, નિર્વિકલ્પદશા પ્રગટે ત્યારે થાય છે. તે પહેલાં હું જ્ઞાયક છું,.....જ્ઞાયક છું એમ વારંવાર જ્ઞાનમાં રટણ કર્યા કરવું. આ વિકલ્પ આવે તે મારું સ્વરૂપ નથી. વિકલ્પથી પણ હું જુદો છું; જે મંદ કે તીવ્ર વિભાવો આવે તે બધાથી જુદો હું ચૈતન્ય છું, એમ વારંવાર તેની મહિમા-લગની, તેનું અંતરમાં રટણ રહેવું જોઈએ. હું જ્ઞાયક છું; હું વિકલ્પ વગરનો-નિર્વિકલ્પ તત્ત્વ છું, વિકલ્પ છૂટી જાય તો હું કાંઈ શૂન્ય નથી થઈ જતો, પણ અંતરમાં જે ભરેલું છે તે પ્રગટ થાય છે. મારામાં એટલે જ્ઞાયક માત્ર આત્મામાં બધું પૂરેપુરું છે. તેમ વારંવાર તેની ભાવના-રટણ-વિચાર-વાંચન કરવા જેવું છે. જ્ઞાયકના આંગણે ટહેલ મારવા જેવી છે.

*પ્રશ્ન :—વાંચન-વિચાર કરતાં ભેદના રસ્તે ચડી જવાય છે, અનાદિની ટેવ છે ને ?*

સમાધાન :—ભેદના રસ્તે ચડી જવાય તો વારંવાર લક્ષ પોતા તરફ કર્યા કરવું. જ્યાં સુધી અંતરમાં લીન નથી થયો, અંતરમાં દૃષ્ટિ નથી ગઈ ત્યાં સુધી વિકલ્પ ક્યાંક ને ક્યાંક તો ફર્યા કરે છે, બહારમાં ક્યાંક ઊભો તો રહે છે પણ તેણે શ્રદ્ધા અને રુચિ તે તરફ રાખવી કે જ્ઞાયકમાં બધું છે, આ બધાંમાં રોકાવા જેવું નથી. જ્ઞાયકમાં રહી શકતો નથી એટલે બધું આવ્યા વગર રહેતું નથી-વચ્ચે આવે છે, પણ શ્રદ્ધા તો જ્ઞાયકની જ રાખવી કે નિર્વિકલ્પ શુદ્ધાત્મતત્ત્વ તે જ હું છું.

*પ્રશ્ન :—મારામાં બધું જ છે, પણ કોણ જાણે વિશ્વાસ આવતો નથી. બહારમાં ઝવેરાત વગેરે બધાનો વિશ્વાસ આવે છે !*

(અનુસંધાન માટે જુઓ પેઈઝ-૨૨)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી તથા ડીવીડી પ્રવચનો

પરમ પૂજ્ય પરમકૃપાળુ સદ્‌ગુરુદેવશ્રીનાં પ્રવચનોની ઓડિયો સીડી જે MP3–પ્લેયર તેમજ કોમ્પ્યુટર દ્વારા સાંભળી શકાય તેવી, ૨૫ કલાકના પ્રવચનોની સીડી તૈયાર કરવામાં આવેલી છે તથા સમયસાર તથા નિયમસાર ઉપરના પ્રવચનોની DVD તૈયાર કરવામાં આવેલી છે. સીડી તથા ડીવીડી, શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર, સાયન (મુંબઈ) દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ છે. જે તેઓશ્રીના સૌજન્યથી રૂા. ૨૦ લેખે આપવામાં આવશે.

| ક્રમ | શાસ્ત્ર | સીડી નં. | સીડી સંખ્યા | કુલ પ્ર.સંખ્યા | ડીવીડી નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સમયસાર (૧૯) | 1 to 12 AB | 24 | 554 | |
| ૨ | શ્રી યોગસાર | 13 AB | 2 | 45 | |
| ૩ | શ્રી છઢાળા | 14 AB | 2 | 50 | |
| ૪ | શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય | 15 to 16 AB | 4 | 89 | |
| ૫ | શ્રી પરમાત્મપ્રકાશ | 17 to 21 AB | 10 | 215 | |
| ૬ | શ્રી ઈષ્ટોપદેશ | 21B to 22 AB | 3 | 55 | |
| ૭ | શ્રી બહેનશ્રીનાં વચનામૃત | 23 to 26 AB | 8 | 181 | |
| ૮ | શ્રી પ્રવચનસાર | 27 to 32 AB | 12 | 286 | |
| ૯ | શ્રી નાટક સમયસાર | 33 to 36 AB, 58A | 9 | 198 | |
| ૧૦ | શ્રી સમાધિતંત્ર | 37 to 38AB, 39A | 5 | 115 | |
| ૧૧ | જુદા જુદા શાસ્ત્રોની વિશિષ્ટ ગાથાઓ ઉપરના પ્રવચનો | 39 to 40AB | 4 | 80 | |
| ૧૨ | શ્રી સમયાસર કળશટીકા | 41 to 46AB, 58B | 13 | 307 | |
| ૧૩ | શ્રી નિયમસાર | 47 to 51A | 9 | 213 | |
| ૧૪ | શ્રી વિષાપહારસ્તોત્ર તથા ઋષભસ્તોત્ર, શ્રી પદ્મનંદિ પંચવિંશતિ-શ્રાવકાચાર, દેશવ્રતોદ્યોતન આલોચના અધિકાર | 51B | 1 | 26 | |
| ૧૫ | શ્રી પંચાસ્તિકાય | 52 to 53AB | 4 | 84 | |
| ૧૬ | શ્રી અષ્ટપાહુડ | 54 to 57AB | 8 | 191 | |
| ૧૭ | નાયરોબીમાં પ્રવચનો | NP | 1 | 29 | |
| ૧૮ | શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક | MMP | 1 | 24 | |

| ક્રમ | શાસ્ત્ર | સીડી નં. | સીડી સંખ્યા | કુલ પ્ર.સંખ્યા | ડીવીડી નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સમયસાર-૧૫ (1966 to 68) | 1 to 25 | 25 | 616 | |
| ૨ | શ્રી સમયસાર-૧૮ (1972 to 77) | 1 to 22 | 22 | 531 | SS1 & 2 |
| ૩ | શ્રી સમયસાર-320 | SS 320 | 1 | 26 | |
| ૪ | બહેનશ્રીનાં વચનામૃત (BVSS) | BVSS 1 to 2 | 2 | 50 | |
| ૫ | નિયમસાર (1966) | 1 to 7 | 7 | 173 | |
| ૬ | નિયમસાર NS (1969) | 1 | 1 | 22 | NS1 |
| ૭ | નિયમસાર NST (1971-73) | 1 to 9 | 9 | 220 | NS1 |
| ૮ | નિયમસાર NS7 (1973) | 1 to 7 | 7 | 166 | NS1 & 2 |
| ૯ | નિયમસાર NS8 (1975) | 1 to 8 | 8 | 183 | NS2 |
| ૧૦ | નિયમસાર 79SV (1979) | 1 | 1 | 17 | NS2 |

(તત્ત્વચર્ચા....પેઈઝ ૨૦ થી ચાલુ)

સમાધાન :—બહારનું બધું દેખાય છે. આ દેખાતું નથી એટલે વિશ્વાસ આવતો નથી. પણ પોતામાં બધું છે. ગુરુદેવ કહે છે અને પોતે પણ વિચાર કરીને નક્કી કરે કે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. ગુરુદેવ કહેતા હતા કે લીંડીપીપર ઘસતાં-ઘસતાં તેમાંથી તીખાશ પ્રગટ થાય છે. તેમ જ્ઞાયક છું-જ્ઞાયક છું, તેમાં જ બધું ભરેલું છે ને તેમાંથી સ્વભાવ પ્રગટ થાય છે-એમ નક્કી કરવું.

જેમ છાશને વારંવાર વલોવ્યા કરે તો માખણ જુદું પડે છે, તેમ વારંવાર ભેદજ્ઞાન કરવાથી-વારંવાર હું જુદો છું, જુદો છું એમ જ્ઞાનમાં અભ્યાસ કરે તો, જુદો છે. તે પ્રગટપણે જુદો પડે છે.

*પ્રશ્ન :—ત્યાં તો પ્રથમ આત્માને જાણવો એમ કહ્યું છે તો આત્માને શ્રદ્ધવો પછી ?*

સમાધાન :—જ્યારે પોતે પોતા તરફ જાય ત્યારે પહેલાં યથાર્થ જ્ઞાનથી ઓળખે. માટે પહેલાં જ્ઞાન યથાર્થ કરવું, પછી પ્રતીતિ કરવી અને પછી આચરણ કરવું—તેમ ક્રમ લીધો છે. અનાદિની પોતાને સાચી સમજણ જ થઈ નથી તેથી પહેલાં એમ કહેવાય કે તું જ્ઞાન યથાર્થ કર તો શ્રદ્ધા યથાર્થ થાય. ખરી રીતે તો સમ્યગ્દર્શન- જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. યથાર્થ પ્રતીતિ થાય તો જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. પણ પહેલાં યથાર્થ જ્ઞાન કર પછી શ્રદ્ધા થાય, તેમ આવે છે.

* * *

[તા. ૧૦-૮-૨૦૦૫]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી 'નાટક સમયસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

## નિમંત્રણપત્રિકા લેખનવિધિ

અમદાવાદ (ખાડિયા) તથા અમદાવાદના સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુમંડળ તરફથી અતિ-આનંદોલ્લાસપૂર્વક તા. ૧૭-૮-૨૦૦૫, બુધવારથી તા. ૨૧-૮-૨૦૦૫, રવિવાર—પાંચ દિવસ સુધી ઊજવવામાં આવનારી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૨મી મંગલમયી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)ની મનોહર નિમંત્રણપત્રિકાની લેખન તથા પ્રેષણવિધિ સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરીમાં તા. ૨૨-૭-૨૦૦૫ના દિવસે લગભગ ૬૦૦ મુમુક્ષુ ભાઈ–બહેનોની બહુ ઉત્સાહભરી ઉપસ્થિતિમાં અતિ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી. આ કલ્યાણી જન્મજયંતીને અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવાની વિશેષ ભાવનાથી અમદાવાદનાં શ્રીમતી હર્ષાબેન રાજેશભાઈ ઝવેરી તથા તેઓના પરિવારને એટલો અધિક ઉત્સાહ હતો કે તેઓએ પોતાના તરફથી પૂરો ખર્ચ આપીને સાત બસ દ્વારા અમદાવાદના મુમુક્ષુમંડળોના ભાઈ–બહેનોને આ અવસરનો લાભ આપ્યો હતો. તદુપરાંત સોનગઢમાં પોતાના બંગલા પર નિમંત્રણ પત્રિકાની સ્વાગત શોભાયાત્રા માટે બધા મુમુક્ષુઓને નિમંત્રિત કર્યા હતા અને તે સમયે તેમના તરફથી નિમંત્રણ-પત્રિકા શણગારવાની સ્પર્ધા રાખી હતી, તેમાં ભાગ લેવાવાળી અમદાવાદની મહિલાઓમાંથી પ્રથમ ત્રણને પારિતોષિક તથા અન્ય સર્વેને ભેટ (ઇનામ) આપીને

સન્માન કર્યું હતું. આ આનંદભરી પ્રસન્નતામાં અમદાવાદ મુમુક્ષુમંડળ તરફથી મહેમાન સહિત બધા સ્થાનિક મુમુક્ષુઓને નિમંત્રિત કરી સાધર્મીવાત્સલ્યરૂપ જમણ આપ્યું હતું. આ મંગલ અવસર પર યોગાનુયોગ, આગામી ફેબ્રુઆરી માસમાં રાજકોટના શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન યુવક મંડળ દ્વારા નવનિર્મિત 'શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર તથા તદન્તર્ગત શ્રી નંદીશ્વર બાવન જિનાલય'ની પંચકલ્યાણક પ્રતિષ્ઠાના વિધિનાયક પ્રતિષ્ઠેય શ્રી નેમિનાથ ભગવાનનું સુવર્ણપુરીમાં મંગલ પદાર્પણ થયું હતું. શોભાયાત્રામાં આ બંને મંગલ અવસર એક સાથે આયોજિત થવાથી, સર્વેને આનંદોલ્લાસની અધિક અનુભૂતિ થતી હતી.

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

પ્રતિવર્ષ પૂજ્ય બહેનશ્રીના જન્મોત્સવ પર ચાલતા 'પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ'નો પ્રારંભ તા. ૧૪-૮-૨૦૦૫, રવિવારના દિવસે થઈ ગયો છે. પુરુષો માટે ૨૦ દિવસ ચાલનાર આ શિક્ષણવર્ગનું સમાપન તા. ૨-૯-૨૦૦૫, શુક્રવારના દિવસે થશે. પ્રાતઃ શ્રી પ્રવચનસાર (જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપના) તથા સાંજે શ્રી દ્રવ્યસંગ્રહ પર શિક્ષણ આપવામાં આવશે.

**રક્ષાબંધનપર્વ :**—શ્રાવણી પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપન્ના-ચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૧૯-૮-૨૦૦૫, શુક્રવારના દિવસે પૂજા-ભક્તિના આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**દશલક્ષણપર્યુષણપર્વ :**—ભાદરવા સુદ-૫, ગુરુવાર તા. ૮-૯-૨૦૦૫ થી ભાદરવા સુદ ૧૪, શનિવાર, તા. ૧૭-૯-૨૦૦૫ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ, દશલક્ષણમંડલવિધાન-પૂજા તથા મુનિધર્મમહિમાભર્યા અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઊજવવામાં આવશે. એ જ રીતે તા. ૧૫-૯-૨૦૦૫, ગુરુવારથી તા. ૧૭-૯-૨૦૦૫, શનિવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રય-ધર્મ'પર્વ પણ ઊજવવામાં આવશે.

**ઉત્તમ ક્ષમાવણીપર્વ :**—ભાદરવા વદ-૧, રવિવાર, તા. ૧૮-૯-૨૦૦૫ના દિવસે ક્ષમાવણીપર્વ, ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## * અમેરિકામાં પૂ. ગુરુદેવશ્રીની ૧૧૬મી જન્મજયંતી *

અમેરિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૧૬મી જન્મજયંતી તથા ત્રણ દિવસની આધ્યાત્મિક શિબિરના સમાચાર ગત અંકમાં (જુલાઈ-૨૦૦૫) આપેલા.

આ પ્રસંગને મેરીલેન્ડમાં રહેતા દેવાંગ રસીકલાલ કામદાર (બોટાદના વતની) તરફથી સ્પોન્સર કરવામાં આવેલો.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ ખરે ટાણે સમાધાન રાખવા જેવું છે, કયે ક્ષણે દેહ છૂટશે!—એનો ભરોંસો કરવા જેવો નથી. દેહ ક્ષણભંગુર છે, નાશવાન છે. ચામડાંથી વીંટેલો હાડકાનો માળો ક્ષણમાં રાખ થઈને ઊડી જશે. અરે! આખું ઘર એકસાથે નાશ થઈ જાય છે તેવા દાખલા સાંભળ્યા છે. એ ક્યાં અવિનાશી ચીજ છે! સહજાત્મસ્વરૂપ આત્મા એ જ અવિનાશી છે, જગત આખું અનાદિથી અશરણરૂપ છે, ભગવાન આત્મા એ જ શરણરૂપ છે. ૩૬૪.

❀ ચૈતન્ય ભગવાન જ્ઞાન ને આનંદરૂપ છે, તેની સાથે દયા-દાન આદિના પરિણામને વ્યાપ્ય-વ્યાપકપણું છે તોપણ એ બે વચ્ચે સંધિ છે એટલે કે ખરેખર આત્મા રાગપણે પરિણમતો નથી, ભલે સ્થૂળપણે એમ દેખાય કે અશુદ્ધપણે આત્મા પરિણમ્યો છે. વર્તમાનમાં રાગ સાથે જીવને અજ્ઞાનપણે વ્યાપ્ય-વ્યાપકપણું થયું છે તોપણ જ્ઞાનને સૂક્ષ્મ ઉપયોગ વડે રાગથી ભિન્ન કરીને ભેદ પાડતાં ભિન્નપણાની પ્રતીતિ થાય છે. ૩૬૫.

❀ એક સજ્ઝાયમાં આવે છે—'સહજાનંદી આતમા, તું સૂતો કાંઈ નિચિંત રે!...' પ્રભુ! તું આનંદનો નાથ સહજાત્મસ્વરૂપ પરમાત્મા છો ને! તું આ અજ્ઞાન-અંધારામાં કેમ સૂતો છો? તારી ચીજ અંદર રાગ રહિત નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે તેને ભૂલી કેમ નિશ્ચિન્ત સૂઈ રહ્યો છો? જેમાં વિકલ્પનો પણ સહારો નથી એવો અતીન્દ્રિય સુખકંદ પ્રભુ આત્મા અંદર સહજ જ અને સુગમ જ છે. પરંતુ તેનો અભ્યાસ નહિ હોવાથી તે દુર્ગમ લાગે છે. અરે! એક પરમાણુને પણ પોતાનો કરવા માગે તો તે પોતાનો થઈ શકે નહિ; પરંતુ જે પોતાની ચીજ છે તે તો પોતાને સહજ ને સુગમ જ હોય ને? એમ છતાં અણ-અભ્યાસે દુર્ગમ લાગે છે. સહજસ્વરૂપનો અભ્યાસ નથી, તે તરફ રુચિનું વલણ નથી, પરદ્રવ્યનો ને રાગાદિ વિકલ્પોનો મહિમા છે, તેમાં તને વિસ્મયતા લાગી, પણ તારી ચીજની વિસ્મયતા તેં છોડી દીધી; તેથી સહજાત્મસ્વરૂપ અતિ દુર્ગમ લાગે છે. ૩૬૬.

❀ શ્રોતા :—આપની વાણી પણ એવી છે કે તત્કાળ મોક્ષ થાય.

પૂજ્ય ગુરુદેવ :—મોક્ષ જ છે. દૃષ્ટિ અંદરમાં કરી એટલે મોક્ષ જ છે. અંદરમાં મોક્ષ પડ્યો છે ને દૃષ્ટિ કરી એટલે મોક્ષ જ છે. પછી થોડી વાર લાગે એનું કાંઈ નહીં.... ૩૬૭.

## ખરેખર ક્રમબદ્ધ માનનારાને જ પુરુષાર્થ હોય છે.

ધર્મી તો પોતાના જ્ઞાનસ્વભાવ તરફના પુરુષાર્થથી જાગૃત થઈ ગયા છે તેથી પ્રમાદ છોડીને મોક્ષમાર્ગમાં પુરુષાર્થથી આગળ વધે છે. જે એમ કહે છે કે 'ભગવાને જોયું હશે ત્યારે આપણો મોક્ષ થશે, તેમાં આપણો પુરુષાર્થ શું કરે!' એ મિથ્યાદષ્ટિ છે, તેની દષ્ટિ રાગની એકતામાં પડી છે અને ભગવાને જોયું હશે તેમ થશે એમ કરીને પુરુષાર્થ ખોઈ બેસે છે. કોઈ વળી એમ કહે છે કે 'ક્રમબદ્ધ માનનારા પુરુષાર્થ ખોઈ બેસે છે' પણ ખરેખર ક્રમબદ્ધ માનનારાને જ પુરુષાર્થ હોય છે.

—કરુણાસાગર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સં. ૨૫ સં. ૨૦૬૧ [૭૪૨] * આત્મધર્મ * [અંક-૨ વર્ષ-૬૨] વીર સં. ૨૫૩૧ ઓગસ્ટ-૨૦૦૫

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662

Copies : 5100